# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 12-05-2024** **Evening : 7.10 to 7.20**

**Day : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **નિશા શ્રીમાળી** વાંચે છે.

---

- આવતીકાલે નવ રાજ્યો અને એક કેન્દ્રશાસિત પ્રદેશમાં આવેલી 96 લોકસભા બેઠકો પર ચોથા તબક્કાનું મતદાન થશે.
- અંબાજીના સફેદ મારબલને 'ઓફિસ ઓફ ધ કન્ટ્રોલર જનરલ ઓફ પેટન્ટ્સ, ડિઝાઇન્સ એન્ડ ટ્રેડમાર્ક્સ' દ્વારા GI સર્ટિફિકેટ આપવામાં આવ્યું છે.
- દાંડીના દરિયામાં આજે ન્હાવા પડેલા સાત લોકોમાંથી ત્રણને બચાવી લેવાયા- ચાર લોકોની શોધખોળ ચાલુ..
- હવામાન વિભાગની આગાહીને પગલે સાપુતારામાં બરફના કરા સાથે વરસાદ- તો મહિસાગર, નર્મદા અને દાહોદના કેટલાક વિસ્તારોમાં છૂટોછવાયો વરસાદ થયો.
- અમદાવાદમાં 19 મેથી બીજી જૂન દરમિયાન ક્રિકેટ પ્રીમિયર લીગનું આયોજન કરવામાં આવ્યું છે.
- અને આજે રાજ્યમાં માતૃ દિવસની ઉજવણી કરાઇ રહી છે.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# EVE LS - FOURTH PHASE

આવતીકાલે નવ રાજ્યો અને એક કેન્દ્રશાસિત પ્રદેશમાં આવેલી 96 લોકસભા બેઠકો પર ચોથા તબક્કાનું મતદાન થશે. ચૂંટણી પંચે ચોથા તબક્કાના મતદાન માટે તમામ તૈયારીઓ પૂર્ણ કરી લીધી છે. આંધ્રપ્રદેશની 25, તેલંગાણાની 17, ઉત્તર પ્રદેશની 13, મહારાષ્ટ્રની 11, મધ્યપ્રદેશ અને પશ્ચિમ બંગાળની આઠ-આઠ, બિહારની 5, ઝારખંડ અને ઓડિશાની ચાર-ચાર બેઠકો સાથે કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ-કાશ્મીરમાં એક બેઠક પર આવતીકાલે મતદાન યોજાશે. આંધ્રપ્રદેશમાં 175 બેઠકો અને ઓડિશાની 28 વિધાનસભા બેઠકો માટે પણ આવતીકાલે મતદાન થશે.

ચૂંટણી પંચે કહ્યું છે કે, લોકસભા ચૂંટણીના ચોથા તબક્કા માટે કુલ એક હજાર 717 ઉમેદવારો મેદાનમાં છે. એક લાખ 92 હજાર મતદાન મથકો પર 19 લાખથી વધુ મતદાન અધિકારીઓ તૈનાત કરવામાં આવશે. મતદાન સવારે 7 વાગ્યે શરૂ થશે અને સાંજે 6 વાગ્યે પૂર્ણ થશે. પંચે જણાવ્યું હતું કે, તેલંગાણાના 17 સંસદીય મતવિસ્તારના અમુક વિધાનસભા ક્ષેત્રોમાં મતદાનનો સમય પંચ દ્વારા મતદારોની ભાગીદારી વધારવા માટે વધારવામાં આવ્યો હતો.

# BJP OTHER STATE PRACHAR

લોકસભાની આગામી તબક્કામાં યોજાનારી ચૂંટણીના પ્રચારમાં રાજ્યના ભાજપના અગ્રણીઓ, હોદ્દેદારો અને કાર્યકર્તાઓ પણ પ્રચાર કરશે.

ભાજપના પ્રદેશ અગ્રણી હિતેશ પટેલે જણાવ્યું હતું કે, ગુજરાતમાંથી જુદા જુદા રાજ્યોમાં અગ્રણીઓને પ્રચાર માટે જવાની કામગીરી સોંપવામાં આવી છે. દિલ્હી, ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર જેવા રાજ્યોમાં જ્યાં આગામી તબક્કામાં મતદાન થવાનું છે ત્યાં તેઓ પ્રચાર કરવા જશે.

**(બાઇટ- હિતેશ પટેલ)**

# AMBAJI MARBAL- GI TAG

અંબાજીના સફેદ મારબલને 'ઓફિસ ઓફ ધ કન્ટ્રોલર જનરલ ઓફ પેટન્ટ્સ, ડિઝાઇન્સ એન્ડ ટ્રેડમાર્ક્સ' દ્વારા GI સર્ટિફિકેટ આપવામાં આવ્યું છે. પ્રાચીન સમયથી ધાર્મિક સ્થાપત્ય માટે પ્રસિધ્ધ અહીંના સંગેમરમરે દેશવિદેશનાં સુપ્રસિધ્ધ મંદિરોની દિવ્યતા અને ભવ્યતામાં મહત્વની ભૂમિકા ભજવી છે.

ઉલ્લેખનીય છે કે, રાજ્યભરમાં આ સંગેમરમર એટલે કે માર્બલની ખાણો માત્ર શક્તિપીઠ અંબાજીમાં જ આવેલી છે. બનાસકાંઠા જિલ્લાના દાંતા તાલુકાના પ્રસિધ્ધ ધાર્મિક સ્થળ અંબાજીની આસપાસ આવેલી 30થી વધુ ખાણોમાંથી સફેદ સંગેમરમરનો પથ્થર નીકળે છે. અહીંનાં સફેદ માર્બલની વિશેષતા એ છે કે તે અત્યંત મજબૂત હોય છે અને કેલ્શિયમની ભરપૂર માત્રા ધરાવે છે. અંબાજી પંથકમાં એવું માનવામાં આવે છે કે આ માર્બલની ખાણો 1000થી 1200 વર્ષ જુની છે અને આજે પણ ધરતીના પેટાળમાં સંગેમરમર પથ્થરનો ખજાનો ધરબાયેલો પડ્યો છે.

માત્ર ગુજરાત કે દેશ જ નહિ પણ વિદેશોમાં પણ અંબાજીના આ માર્બલની ભારે માંગ છે. હાલ દિલ્લી ખાતે નિર્માણાધિન અમેરિકન એમ્બેસીમાં સંપૂર્ણપણે અંબાજીનાં સફેદ મારબલનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

# NAVSARI- ACCIDENT

નવસારીનાદાંડીના દરિયામાં આજે ન્હાવા પડેલા સાત લોકો ડૂબવા લાગતા તેમાંથી ત્રણને સ્થાનિક લોકોએ બચાવી લીધા છે જ્યારે ચાર વ્યક્તિઓની શોધખોળ ચાલી રહી છે.

આજે રવિવારની રજા હોવાથી મોટી સંખ્યામાં સહેલાણીઓ દાંડીના દરિયાકિનારે ફરવા આવ્યા હતા, તેમાંથી કેટલાક લોકો દરિયામાં ન્હાવા પડ્યા

હતા. સાત લોકો દરિયામાં ડૂબવા લાગતા કિનારે ઉભેલા લોકોએ બુમાબુમ કરતા સ્થાનિક તરવૈયા અને હોમગાર્ડના જવાનોએ ત્રણ લોકોને બચાવી લીધા હતા.

અમારા નવસારીના પ્રતિનિધી અશોક પટેલ જણાવે છે કે, આ ઘટનાને પગલે પોલીસે દરિયાકાંઠો ખાલી કરાવી દીધો છે. ફાયરબ્રિગેડ તથા સ્થાનિક તરવૈયાઓએ ચારેય લોકોની શોધખોળ શરૂ કરી છે.

# MID BREAK- NEWS- REGIONAL

**આ સમાચાર આપ આકાશવાણી અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી youtube ચેનલ એઆઈઆર ન્યુઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટ્વિટર હેન્ડલ AIR ન્યુઝ અન્ડર સ્કોર એ બી એ એડી ને ફોલો કરી શકશો..**

# WEATHER

રાજ્યભરમાં ગઇકાલે મહત્તમ તાપમાન 42 ડિગ્રી સેલ્સિયસથી ઓછું રહ્યું હતું, ત્યારે આજે રાજ્યનાં કેટલાંક વિસ્તારોમાં ભારે ગરમીમાંથી રાહત મળવાનાં સમાચાર છે. હવામાન વિભાગે આજે દાહોદ, છોટા ઉદેપુર, નર્મદા, સુરત, ડાંગ, નવસારી, વલસાડ અને કેન્દ્રશાસિત પ્રદેશ દમણ, દાદરાનગર હવેલી સહિતનાં જિલ્લાઓમાં છૂટાછવાયા અને હળવા વરસાદની આગાહી વ્યક્ત કરી છે.

એક તરફ રાજ્યમાં અતિશય ગરમી પડી રહી છે. તેવામાં હવામાન વિભાગે રાજ્યમાં આગામી સાત દિવસ વરસાદની આગાહી કરી છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, રાજ્યમાં પવનની ગતિ 40થી 50 કિમી પ્રતિ કલાકની રહેશે. શનિવારે અમદાવાદ 41.6 ડિગ્રી સાથે રાજ્યનું

સૌથી ગરમ શહેર રહ્યું હતું, જ્યારે સુરેન્દ્રનગરમાં 41.5  ડિગ્રી, રાજકોટમાં 41.3 ડિગ્રી, ભૂજ અને મહુવામાં મહત્તમ તાપમાન 38.4 ડિગ્રી નોંધાયું હતું.

હવામાન વિભાગે આજે મધ્ય ગુજરાતના છ જિલ્લામાં કમોસમી વરસાદની આગાહી કરી છે. વડોદરા, છોટા ઉદેપુર, પંચમહાલ, દાહોદ, મહીસાગર અને નર્મદામાં છુટાછવાયા વરસાદનું અનુમાન છે.

હવામાન વિભાગે આજે દક્ષિણ ગુજરાતના પાંચ જિલ્લામાં માવઠાની આશંકા વ્યક્ત કરી છે.  સુરત, તાપી, નવસારી, ડાંગ, વલસાડમાં કમોસમી વરસાદની આગાહી કરવામાં આવી છે.. આ ઉપરાંત સંઘ પ્રદેશ દમણ અને દાદરાનગર હવેલીમાં પણ કમોસમી વરસાદનુ અનુમાન છે.

દરમિયાન, ડાંગ જીલ્લાના ગિરિમથક સાપુતારા સહિત શામગહાન પંથકના ગામડાઓમાં બપોરે વાદળછાયુ વાતાવરણ સર્જાયુ હતુ, જેના કારણે વાતાવરણમાં શીતલહેર વ્યાપી ગઇ હતી. જ્યારે ગિરિમથક સાપુતારામાં બરફના કરા પડ્યા હતા. કમોસમી વરસાદને કારણે માર્ગો પાણીથી ભીના થઇ ગયા હતા.

મહિસાગર જીલ્લામાં આજે સાંજે વાતાવરણમાં એકાએક પલટો આવ્યો છે. ભારે ગરમી બાદ વાદળછાયા વાતાવરણમાં લોકોને ગરમીથી રાહત મળી છે. જીલ્લાના લુણાવાડા, બાલાસિનોર તેમજ વીરપુર વિસ્તારમાં વાદળછાયુ વાતાવરણ જોવા મળી રહ્યું છે.

તો દાહોદ અને નર્મદા જીલ્લાના કેટલાક વિસ્તારોમાં છૂટોછવાયો વરસાદ થયો હતો.

## A’VAD- CRICKET LEUGE

અમદાવાદમાં 19 મેથી બીજી જૂન દરમિયાન ક્રિકેટ પ્રીમિયર લીગનું આયોજન કરવામાં આવ્યું છે.

ગુજરાત ક્રિકેટ એસોસિયેશનના સહયોગથી ગુજરાતમાં સ્થાનિક ક્રિકેટ પ્રતિભાને પ્રોત્સાહન આપવા માટે ચિરીપાલ ફાઉન્ડેશનના ઉપક્રમે પ્રથમ ક્રિકેટ પ્રીમિયર લીગ 2024 નું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં છ ટીમો ભાગ લેશે.

આ અંગે વધુ માહિતી આપતા ગ્રુપ ગુજરાત ક્રિકેટ એસોસિયેશનના પૂર્વ પ્રમુખ અને રાજ્યસભા સાંસદ નરહરી અમીને જણાવ્યું હતું કે, ગુજરાતના યુવાનો વધુમાં વધુ ક્રિકેટમાં જોડાય અને આંતરરાષ્ટ્રીય મેચમાં તેમનું સિલેક્શન થાય તે હેતુથી આ ટુર્નામેન્ટનું આયોજન કરાયું છે. તેમણે કહ્યું કે, આંતરરાષ્ટ્રીય મેચમાં જે બોલનો ઉપયોગ થાય છે, તે જ બોલથી ટુર્નામેન્ટ રમાશે છ ટીમમાં કુલ 90 ખિલાડીઓ ભાગ લેશે.

# NAGARVEL PAN KHETI

સૌરાષ્ટ્રના ચોરવાડમાંથી દરરોજ 20 લાખ નાગરવેલના પાનની વિવિધ રાજ્યોમાં નિકાસ કરવામાં આવે છે. ગીર સોમનાથના પ્રતિનિધી રાજેશ ભજગોતર એક અહેવાલમાં જણાવે છે કે, ચોરવાડના પાન ગુજરાત, રાજસ્થાન, પંજાબ, હરિયાણા, ઉત્તરપ્રદેશ, મહારાષ્ટ્ર સહિતના રાજ્યોમાં નિકાસ થાય છે. અહીં કલકત્તી પાન, કાળા પાન, ક્યુરી પાન, ચોરવાડી બંગલો સહિતના પાનની ખેતી થાય છે. પાનની ખેતી જૂનાગઢના નવાબે ચોરવાડમાં શરૂ કરાવી હતી...

પાનની ખેતી કરતાં ખેડૂતોને બે હજાર નાગરવેલ પાનના એક હજાર રૂપિયા મળે છે. ચોરવાડમાં છેલ્લા ઘણા વર્ષોથી નાગરવેલના પાનની ખેતી કરીને ખેડૂતો આર્થિક લાભ મેળવી રહ્યા છે.

ચોરવાડમાં નાગરવેલ પાનની ખેતી કરતાં ખેડૂતે ખેતી વિશે વધુ માહિતી આપી...

**(બાઇટ- ખેડૂત)**

# MOTHER’S DAY

સમગ્ર વિશ્વમાં આજે માતૃદિવસની ઉજવણી કરવામાં આવી રહી છે. દર વર્ષે મે મહિનાના બીજા રવિવારે ઉજવાતો માતૃ દિવસ માતા પ્રત્યેનો અહોભાવ અને ઋણ અદા કરવાનો દિવસ છે. આજના દિવસે બાળકો તેમની માતાઓને ફૂલ, કાર્ડસ કે પછી અન્ય કોઇ ભેટ સોગાદ આપીને માતા પ્રત્યેનો પ્રેમ વ્યક્ત કરે છે.

ત્યારે મધર્સ ડેને સાચા અર્થમાં પુરવાર કર્યું છે, સુરતમાં લાડકી સંસ્થા શરૂ કરનાર 23 વર્ષીય ઉન્નતિ શાહે.. આ યુવતીએ નાની ઉંમરે ગરીબ અને નિઃસહાય 27 જેટલી બાળકીઓને દત્તક લીધી છે અને એક માતાની જેમ તે આ બાળકીઓને ઉછેરી પગભર બનાવી રહી છે. ઉન્નતિ શાહ પોતાના લાડકી આશ્રમમાં રહેતી બે વર્ષથી લઇને 17 વર્ષ સુધીની દીકરીઓની જરૂરિયાતો પૂરી પાડીને તેમને સંસ્કારના સિંચન સાથે સારુ શિક્ષણ પણ આપી રહી છે.

આજે પંચમહાલના ગોધરામાં આવેલા એલોહિમ મેથોડિસ્ટ ચર્ચમાં ખ્રિસ્તી સમાજ દ્વારા માતૃ દિવસની ઉજવણીના ભાગરૂપે પોતાની માતાઓને ગુલાબનું ફૂલ આપી તેમનું સન્માન કરવામાં આવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે, માતૃદિવસ સૌપ્રથમ 1908માં અમેરિકામાં ઉજવવામાં આવ્યો હતો.

# FOOT BALL

ગુજરાત સ્ટેટ ફુટબોલ એસોસિએશનનાં ઉપક્રમે ચાલી રહેલી ગુજરાત સુપર લીગની ફાઇનલમાં આજે કર્ણાવતી નાઇટ્સ અને વડોદરા વોરિયર્સ વચ્ચે થોડી વારમાં ફાઇનલનો પ્રારંભ થશે. અમદાવાદના એકા અરેના સ્ટેડિયમ ખાતે રમાઈ રહેલી આ મેચમાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ, મિઝોરમના રમતગમત મંત્રી લાલન હિંગલોવા સહિતનાં મહાનુભાવો ઉપસ્થિત રહેશે. બંને ટીમો વચ્ચે

શુક્રવારે રમાયેલી લીગ મેચ 1-1થી ડ્રો થઈ હતી. કર્ણાવતી નાઇટ્સ લીગ મેચોનાં અંતે 11 પોઇન્ટ સાથે પ્રથમ ક્રમાંક પર હતી.